# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.09.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતમાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે

2) નવી દિલ્હી અદાલતે પી. જી સુવિધાઓ માટે કડક તપાસના આદેશ આપ્યા-ઇમારત ધરાશાયીના મામલે ત્રણની ધરપકડ

3) 6G ટેકનોલોજી પર વૈશ્વિક પહેલમાં ભારત 24 દેશોમાં જોડાયું

4) દક્ષિણ લેબનોન પર ઇઝરાયલના હુમલામાં બારના મોત

5) ટેનિસમાં, ભારતના કરણ સિંહે ITF મેન્સ વર્લ્ડ ટૂરમાં મેન્સ સિંગલ્સનું ટાઇટલ જીત્યું

6) અમદાવાદમાં રમા તી વિશ્વ વર્લ્ડ તીરંદાજી પેરા સિરીઝમાં ભારતીય ખેલાડીઓ, આજે ચાર સુવર્ણ ચંદ્રક માટે મેદાનમાં ઉતરશે

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-GUJRAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને મહારાષ્ટ્રની મુલાકાતે છે ત્યારે ગુજરાતના વડોદરામાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ કાર્યોનું શિલાન્યાસ અને ઉદ્ઘાટન કરશે.

સાંભળીએ એક અહેવાલ......

**(વૉઇસ કાસ્ટ –અપર્ણા ખૂંટ)**

# ASHWINI VAISHANAV

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાતના પ્રવાસ અગાઉ ગઇકાલે અમદાવાદમાં ચાલી રહેલી રેલવેની યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરી. તેમણે કહ્યું હતું કે , બુલેટ ટ્રેનની કામગીરી ઝડપથી ચાલી રહી છે.

(BYTE: ASHWINI VAISHNAV,

UNION RAILWAY MINISTER)

# DILHI

નવી દિલ્હીના સત્ય નિકેતનમાં ઇમારત ધરાશાયી થવાના સંદર્ભમાં દિલ્હી પોલીસે ત્રણ લોકોની ધરપકડ કરી છે , જ્યારે સાત લોકોના મોતની ઘટનાની તપાસ વધુ ઝડપી બનાવી છે.

અદાલતે પી. જી સુવિધાઓ માટે અનેક સૂચનો સાથે કડક તપાસના આદેશ આપ્યા છે.

સાંભળીએ આ અંગે એક અહેવાલ.......

**(બાઇટ –ફરાહાટ)**

# INDIA- 6 G

ભારત, અમેરિકા સહિત 24 અન્ય દેશ ,6G ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક વિકસાવવામાં આંતરરાષ્ટ્રીય સહયોગ માટેની એક પહેલમાં સહભાગી બનશે.

અમેરિકાના મિયામીમાં આયોજિત G20 ઇનોવેશન મંત્રીમંડળની બેઠક દરમિયાન કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્યમંત્રી જિતિન પ્રસાદે અમેરિકી વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિક સાથે મુલાકાત કર્યા બાદ આ જાહેરાત કરવામાં આવી છે.

બંને દેશના નેતાઓએ 6 G ટેકનોલોજીના ભવિષ્ય અને આગામી પેઢીના ટેલિકોમ્યુનિકેશન નેટવર્ક માટેના આંતરરાષ્ટ્રીય સહયોગના મુદ્દા પર ચર્ચા કરી હતી.

# DEFENCES

સંરક્ષણ સંપાદન પરિષદ (DAC) એ સંરક્ષણ દળો માટે એક લાખ દસ હજાર કરોડ રૂપિયાથી વધુના મૂડી સંપાદન પ્રસ્તાવોને મંજૂરી આપી છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતામાં ગઈકાલે યોજાયેલી પરિષદની બેઠક દરમિયાન આ મંજૂરી આપવામાંઆવી હતી.

સાંભળીએ એક અહેવાલ ..

## (વૉઇસ કાસ્ટ -સકલેન અખ્તર)

# UNSC

લક્ઝમબર્ગના નાયબ પ્રધાનમંત્રી અને વિદેશ મંત્રી ઝેવિયર બેટ્ટેલે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ ( UNSC) માં કાયમી બેઠક માટે ભારતની દાવેદારીને ટેકો જાહેર કર્યો છે

એક સમાચાર એજન્સી સાથેની મુલાકાતમાં , શ્રી બેટ્ટેલે કહ્યું કે ભારતનું કદ અને વૈશ્વિક મહત્વ વિસ્તૃત સુરક્ષા પરિષદમાં તેનો સમાવેશ જરૂરી બનાવે છે. તેમણે કહ્યું કે UNSC ને એવા મુખ્ય દેશોમાં બિન કાયમી એવા ભારત અને બ્રાઝિલને સમાવવાનો ઉલ્લેખ કર્યો છે.

# BRICS SUMMIT

આગામી બ્રિક્સ સમિટ માટે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન નવી દિલ્હીની મુલાકાતે છે.

ઈરાની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઇસ્માઇલ બાઘાઈએ નવી દિલ્હી સાથેના સંબંધો પર ભાર મુકતા કહ્યું કે બ્રિક્સ સમિટમાં ભારતની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આ જૂથ દ્વિપક્ષીય વેપાર અને વ્યૂહાત્મક સહયોગને વધુ ગાઢ બનાવવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડશે તેમ તેમણે જણાવ્યું હતું.

આગામી 12-13 સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં યોજાનારી બ્રિક્સ સમિટમાં રાષ્ટ્રપતિ પેઝેશ્કિયાને વિશ્વાસ વ્યક્ત કર્યો કે બહુપક્ષીય રાજદ્વારી દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિને વધુ વેગ મળશે.

# ELECTION

ભારતીય ચૂંટણી પંચે પુડુચેરીમાં થટ્ટનચાવડી વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું મતદાન 6 ઓક્ટોબરે અને મતગણતરી 9 ઓક્ટોબરે કરવાની જાહેરાત કરી છે.

આવતીકાલે ગેઝેટ પ્રસિધ્ધ  થશે અને 16 સપ્ટેમ્બર સુધી નામાંકન દાખલ કરી શકાશે. ચકાસણી 17 સપ્ટેમ્બરે થશે  , જ્યારે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 19 સપ્ટેમ્બર છે.

ફક્ત થટ્ટનચાવડી વિધાનસભા મતવિસ્તારમાં આદર્શ આચારસંહિતા તાત્કાલિક અસરથી ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

એપ્રિલમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીમાં  AINRCના નેતા અને પુડુચેરીના મુખ્યમંત્રી એન રંગાસામીએ મતવિસ્તાર માંથી રાજીનામું આપ્યા બાદ અને મંગલમ બેઠક જાળવી રાખી છે જયારે થટ્ટનચાવડી બેઠક ખાલી પડી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# UP-FLOOD

વરસાદ અને બંધો માંથી પાણી છોડવાના કારણે , ઉત્તર પ્રદેશના 25 જિલ્લાઓ પૂર જેવી પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં છેલ્લા 24 કલાક દરમિયાન મધ્યમથી ભારે વરસાદ પડ્યો છે.

## (બાઇટ –સુશીલ તિવારી)

# LEBNON-ATTACK

દક્ષિણ લેબનોનના એક ગામ પર ઇઝરાયલી હવાઈ હુમલામાં બાર લોકોના મોત  થયા છે.

કફર રુમાનેમાં રાત્રે એક રહેણાંક મકાન પરના હવાઈ હુમલામાં બે બાળકો અને ચાર મહિલાઓ સહિત અગિયાર લોકો માર્યા ગયા છે. વાહન પર બીજા હુમલામાં એક પેરામેડિકનું પણ મોત થયું છે.

ઇઝરાયલી સૈન્યએ જણાવ્યું હતું કે તેણે દેશના કબજા હેઠળના વિસ્તારમાં સૈનિકો પર ડ્રોન હુમલાના બદલામાં ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહના માળખાકીય સુવિધાઓ તેમજ શસ્ત્રો પરિવહન કરતા ઘણા આતંકવાદીઓ પર હુમલો કર્યો હતો.

# TENNIS

ટેનિસમાં, ભારતના કરણ સિંહે ઇન્ડોનેશિયાના બાલી ખાતે ITF મેન્સ વર્લ્ડ ટૂર M15 માં મેન્સ સિંગલ્સનું ટાઇટલ પોતાને નામ કર્યું છે આ કરણે કરિયરનું ચોથું ટાઇટલ પોતાને નામ કર્યું છે.

હરિયાણાના ચોથા ક્રમાંકિત ભારતીય ખેલાડીએ હાર્ડ કોર્ટ પરની ફાઇનલમાં પાંચમા ક્રમાંકિત ન્યુઝીલેન્ડના આઇઝેક બેક્રોફ્ટને હરાવીને 7-5 , 7-6 થી જીત મેળવીને ટાઇટલ જીત્યું છે.

# PERA ARCHARY-AHMEDABAD

ગુજરાતનાં અમદાવાદમાં ચાલી રહેલી વિશ્વ વર્લ્ડ તીરંદાજી પેરા સિરીઝમાં ભારતીય ખેલાડીઓ,આજે ચાર સુવર્ણ ચંદ્રક માટે રમશે.

પેરા રિકર્વ મહિલા અને પુરુષ ટીમો ફાઇનલમાં આજે ભારતની ભાવના અને પૂજા ચીનની લિયાંગ કિયુરોંગ અને ચેન યુ સામે જયારે પુરુષોની ટીમમાં ભારતના હરવિંદર સિંહ અને વિજય સુંડી સ્લોવાકિયાના ડેવિડ ઇવાન અને ડેનિસ ઇવાન સામે રમશે.

ભારત પેરા કમ્પાઉન્ડ પુરુષોની ટીમ ફાઇનલમાં શ્યામ સુંદર સ્વામી અને તોમન કુમાર ઇરાકના અબ્બાસ કાધિમ અને અનવર અલ્દાવોદનો સામનો કરશે.

મિક્સ ટીમ W1 (રિકર્વ/કમ્પાઉન્ડ) ફાઇનલ માટે ભારતના સ્વાતિ ચૌધરી અને આદિલ મોહમ્મદ નઝીર અંસારી ચેક રિપબ્લિકના ખેલાડીઓ સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સિમ્પલ ઠક્કર

- આજના મુખ્ય અખબારોમાં હેડલાઇન્સમાં વિવિધતા વાંચવા મળી રહી છે.
- જેમાં ગુજરાત સમાચારે સોનું ગીરવે મૂકી લોકો ઘર ચલાવી રહ્યા છે ને મુખ્ય હેડલાઇન બનાવી છે, સંદેશે આર્મી માટે રૂપિયા 1.10 લાખ કરોડના શસ્ત્રો ખરીદાશેને મુખ્ય શીર્ષક બનાવ્યું છે અને નવ ગુજરાત સમયે હોરમુંઝમાં બંને તરફના રુટ નિયંત્રિત કરીશું –ઈરાન જયારે દિવ્ય ભાસ્કરે 1255 કરોડ ખર્ચ્યા છતાં ગુજરાતનાં ચાર શહેરમાં હવાનું પ્રદૂષણ ભયજનક  અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- સ્થાનિક સમાચારમાં જોઈએ તો.....
- વાવણી થી પણ વરસાદ ન આવ્યો ગુજરાતમાં 95 % વાવણી પૂર્ણ થઈ, અમદાવાદમાં રિક્ષા –ટેક્સીની હળતાલ ને સફળ બનાવવા રિક્ષા ચાલકોની દાદાગીરી અને પી એમ મોદી આજે વડોદરા થી 35000 કારોડના વિકાસ કાર્યોની ભેટ આપશે જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.